ગાંધીનગર સમાચાર
તા. ૫-૭-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

સીબીઆઇની સ્વાયત્તતા : ગાંધીવેદનું સહિયારૂં?

સીબીઆઈ એ કેન્દ્ર સરકાર હસ્તકની તપાસ સંસ્થા ગુમચર એજન્સી તરીકે કુખ્યાત રહેતી આવી છે. કહેવા પૂરતી એ કેન્દ્ર સરકારની દખલથી મુક્ત, પણ કામ તો એને સરકારના ઈશારે જ કરતા રહેવાનું. આ પરિસ્થિતિ રાજ્યસરકાર હસ્તકની ગુમચર સંસ્થાઓની પણ રહ્યા કરી છે અને આઈબી કહેતા ઈન્ટેલિજન્સ બ્યૂરોની પણ એ જ દશા છે. ગુમચર એ રાજાનો કાન છે અને આંખ છે. ચાણક્ય પૂર્વે થયેલા વિદુર જેવા વિચક્ષણ રાજનીતિ શાસ્ત્રઓએ અને ચાણક્ય પછી ઘણાં વર્ષના અંતરે મહોરેલા મેકિયાવેલીએ જડબે સલાક જાસૂસી તંત્રની અનિવાર્યતા પ્રમાણી છે, એટલો જ ભાર એ ગુમચરોની રાજ્ય તરફની વફાદારી પર પણ મૂક્યો છે. વિશ્વના દરેક દેશ પાસે એનું ગુમચર તંત્ર છે. દેશની અંદર અને દેશની બહાર દરેક સ્તરે શાસન કર્તાએ આવી એજન્સીઓ રાખવી પડે છે. અમેરિકાની સીઆઈએ કે અન્યત્ર ઍફબીઆઈ જેવી સંસ્થાઓનાં કાળાંધોળાંથી દુનિયા અજાણી નથી. પાકિસ્તાનની આઈઍસઆઈનું નામ સાંભળતાં જ કોઈપણ ભારતીય નાગરિકને થૂંકવાનું મન થાય. આપણા લોકશાહી રાષ્ટ્રમાં સીબીઆઈ જેવી કેન્દ્રીય તપાસ સંસ્થા ન વગોવાય તો જ નવાઈ. સીબીઆઈના વર્તમાન વડા રણજિતકુમાર સિન્હાએ નાછૂટકે કડવું સત્ય ઉચ્ચારવું પડ્યું હતું. એમણે મીડિયા સમક્ષ કબૂલવું પડ્યું હતું કે સીબીઆઈ કોઈ સ્વાયત્ત સંસ્થા નથી. એ સરકાર હસ્તકની જ એજન્સી હોઈ સરકારનો હુકમ માનવો પડ્યો છે. કોલસા કૌભાંડનો રેલો છેક વડાપ્રધાનના પગ નીચે જતો હોવાની દહેશતથી તત્કાલીન કાયદામંત્રીએ સીબીઆઈનો અહેવાલ અદાલતની ના ઉપરવટ જોવા માગ્યો ત્યારે સીબીઆઈ અધિકારીઓ સામે પગલે એમની ચેમ્બરમાં જઈને બતાવી આવ્યા હતા. તે પછી અનુકૂળ ફેરફારો સાથેનો અહેવાલ અદાલતમાં રજૂ કરાયો હતો એથી અદાલતે સીબીઆઈની તટસ્થતા સંબંધે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. એને સરકારી પિંજરાનો પોપટ ગણાવતાં સીબીઆઈ તેમજ કેન્દ્ર સરકાર બેઉ ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયાં હતાં. આ મહેણું ભાંગવા માટે સરકારે તાબડતોબ સીબીઆઈને સ્વાયત્ત બનાવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ભાજપ જેવા વિપક્ષોએ પણ ઍનડીએ સરકારના શાસનકાળ દરમિયાન સીબીઆઈનો રાજકીય દુરુપયોગ કર્યો જ હતો, છતાં અત્યારે તક મળી જતાં એણે યુપીએ સરકારને ભાંડવામાં કશી મણા નથી રાખી. સીબીઆઈનો નવો જ અર્થ બેસાડી રાજનાથ અને સુષમા સ્વરાજથી માંડી ભાજપનો તાલુકા કક્ષાનો કાર્યકર એને કોંગ્રેસ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન કહેતો ફરે છે. મુલાયમસિંહે પણ જાહેર નિવેદન કરીને સરકાર વિપક્ષના નેતાઓને સીબીઆઈનો ડર બતાવતી હોવાનું કબૂલ્યું હતું. માયાવતી, જયલલિતા અને મમતા સહિત તમામ નેતાઓએ વારંવાર સીબીઆઈનો દુરપયોગ થતો હોવાની ફરિયાદ કરી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આજ સુધી સીબીઆઈએ ભાગ્યે જ કોઈ મોટા માથા વિરુદ્ધ પૂરતા પુરાવા એકઠા કરી એમને સળિયા ભેગા કરવામાં સફળતા મેળવી હશે. સીબીઆઈની લટકતી તલવાર સાથે નેતાઓ એમની રાજકીય પ્રવૃત્તિ કરતા રહે છે, કૌભાંડોની પરંપરા ચાલતી રહે છે અને આખરે ઘીના ઠામમાં ઘી પડી રહે છે. એ રીતે જોતાં સીબીઆઈ એ કેન્દ્ર સરકાર હસ્તકના ભૂત ભડકામણથી વિશેષ કંઈ જ નથી. આવી બદનામી સાથે કોઈપણ તપાસ સંસ્થા નિષ્ઠાપૂર્વક કામ ન જ કરી શકે, તે સમજાય એવું છે. ચિદંબરમના માર્ગદર્શન હેઠળ મંત્રી સમૂહ દ્વારા સીબીઆઈની સ્વાયત્તતા માટેનો જે મુસદ્દો ઘડાયો તે મુજબ સીબીઆઈ નિદેશકની નિયુક્તિ, ફેરબદલી તથા એમને હટાવવાની પ્રક્રિયા બદલવામાં આવનાર છે. હવે નિદેશકની નિમણૂક ત્રણ સભ્યોની કૉલેજિયમ દ્વારા કરાશે. કૉલેજિયમનું અધ્યક્ષપદ વડાપ્રધાન સંભાળશે. લોકસભાના વિરોધપક્ષના નેતા અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ આ ઉચ્ચસ્તરીય સમિતિના સભ્યો રહેશે. વળી હવે પછી જે કોઈ નિદેશક નિમાશે તે આઈપીએસ કેડરનો જ વરિષ્ઠ અધિકારી હશે અને એની નિમણૂક ઓછામાં ઓછી બે વર્ષની મુદ્દત માટે હશે. અત્યાર સુધી કેન્દ્ર સરકારની મંજૂરી વગર કોઈ અધિકારી સામે સીબીઆઈ તપાસ કરી શકતી ન હતી. નવા માળખામાં હવે ત્રણ મહિનાની મહેલત પછી કેન્દ્ર સરકારની ઈચ્છા વિરુદ્ધ પણ એ પોતાના સ્તરે તપાસ કરી શકશે, તે મુદ્દો સમાવાયો છે- જે આવકારવા લાયક ગણાય. સીબીઆઈ ઍસપી કક્ષાના પદ પર નિમણૂક તેમજ તેવા અધિકારીઓનો કાર્યકાળ લંબાવવાનો અધિકાર પણ ધરાવશે. વળઈ કોઈ પ્રધાન કે અધિકારી તેના કાર્યમાં હસ્તક્ષેપ નહીં કરી શકે એવો સુધઆરો પણ કરાયો છે. પંચના સભ્યો તરીકે નિવૃત્ત ન્યાયાધીશો રહેશે તે પણ આવકારદાયક બાબત છે. સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપથી યુપીએ સરકારે આ સોગંધનામું કરવું પડ્યું છે પરંતુ હવે પછીએ દરખાસ્તો કેટલી હદે કાર્યાવિન્ત થશે એ તો સમય જ કહેશે. સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે ગાંધીવેદનું સહિયારું નહીં જ ચાલે એની કોઈ ખાતરી ખરી?

બી.બી.એ. કોલેજમાં યોજાયેલ કેમ્પસ ઈન્ટરવ્યું

ગાંધીનગર, તા.૪

બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.) ગાંધીનગરની કોલેજમાં ગત રોજ જુલાઈ ૨૦૧૩ના રોજ મેગા પ્લેસમેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.)માં અભ્યાસ કરતા તેમજ અભ્યાસ કરી ચૂકેલા તમામ વિદ્યાર્થીઓ માટે દર વર્ષની જેમ તા. ૪થી જુલાઈના રોજ સવારે ૧૧ થી ૫ વાગ્યા સુધી કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ઈનવર્સ બી.પી.ઓ., મેકસેસ ઈન્ફ્રા એન્ડ પ્રોપર્ટીઝ લિમીટેડ, ગેલેકસી કમ્ફર્ટ, અમાની સ્પેસ લિમીટેડ, એ.એ.કે.જી. ગ્રૂપ પ્રાઈવેટ લિમીટેડ અને એચ.ડી.એફ.સી. લાઈફ જેવી નામાંકિત કંપનીઓ હાજર રહી હતી. જેમાં કુલ ૩૫૦ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યાં હતાં. જયારે ૧૩૦થી વધુ બી.બી.એ. કરી ચુકેલાં વિદ્યાર્થીઓએ પણ ઈન્ટરવ્યુ આપ્યા હતાં.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજનાં આચાર્ય રમાકાન્ત પુષ્ટિ, પ્રો. જયેશ તન્ના તેમજ માર્ગી દેસાઈ સહિત કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

બીજું કાંઈ નથી... વર્તમાન સરકાર ન ગગડી જાય તેની ચિંતામાં જ રૂ. ડોલર સામે વારંવાર ગગડી જાય છે.

વાલીઓએ ટેલેન્ટ, ટેકનોલોજી, ટ્રેન્ડ અને ટોલરન્સ, ચાર-ટી માં અપગ્રેડ રહેવાની આવશ્યકતા

માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં રિસ્પોન્સીબલ પેરેન્ટીંગ સેમિનાર શ્રૃંખલામાં જાણીતા મોટિવેટર પરીક્ષિત જોબનપુત્રાનું વાલીઓને સંબોધન

ગાંધીનગર, તા. ૪

'સંતાનોના સારા ઉછેર માટે વાલીઓ ટેલેન્ટ, ટેકનોલોજી, ટ્રેન્ડ અને ટોલરન્સ; એમ ચાર-ટીમાં સતત પોતાની જાતને અપગ્રેડ રાખવાની આવશ્યકતા છે. અન્ય આવડત, અદ્યતન ટેકનોલોજી, વર્તમાન, સામાજિક પ્રવાહો અને સહનશીલતા, આ ચાર બાબતોમાં વાલીઓ સમર્થ અને સક્ષમ થાય તે જરૂરી છે.' ગુજરાતના જાણીતા મોટિવેટર, કાઉન્સિલર અને લેખકશ્રી પરીક્ષિત જોબનપુત્રાએ આજે ગાંધીનગરની માઉન્ટકાર્મેલ સ્કૂલમાં 'રિસ્પોન્સીબલ પેરેન્ટીંગ' વિષયક સેમિનાર શ્રૃંખલા અંતર્ગત વાલીઓને સંબોધતાં આમ કહ્યું હતું.

શ્રી પરીક્ષિત જોબનપુત્રાએ જણાવ્યું હતું કે, 'વર્તમાન સમયમાં અભ્યાસની સાથોસાથ બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે પણ અનિવાર્ય છે. બાળકોમાં ગ્રહણ કરવાની શક્તિ અને ક્ષમતા પણ વિશેષ છે. વાલીઓએ તેમને જરૂરી વાતવરણ પુરૂ પાડવાની આવશ્યકતા છે.' તેમણે જણાવ્યું હતું કે, 'પહેલાં આપણે બાળકોને રોકીએ છીએ, સાંભળે નહીં તો ટોકીએ છીએ અને છતાં ન માને તો ઠોકીએ છીએ... અને પછી પણ ન માને તો ભગવાન ભરોસે છોડી દઈએ છીએ, જે યોગ્ય નથી. બાળકો નાનપણથી જ જન્મતાંવેંત જ ખરાબ હોતા નથી. વાલીઓ અને આસપાસના વાતાવરણમાંથી જ બાળકો ખરાબ બાબતો અને આદતો શિખે છે. બાળકોને આપણે કહીએ એમ નથી કરતા, બાળકો આપણે કરીએ એમ કરે છે. એટલે પહેલાં તો વાલીઓએ 'આદર્શ વાલી' બનવાની આવશ્યકતા છે.' તેમણે પ્રત્યેક મા-બાપને આખા દિવસમાં ઓછામાં ઓછી ૨૦ મિનિટ પોતાના સંતાનો સાથે સમગ્રતાથી વિતાવવાનો અનુરોધ કર્યો હતો.

બાળકો પુસ્તકો વાંચે તે માટે ઘરમાં પુસ્તકો વસાવવા શ્રી પરીક્ષિત જોબનપુત્રાએ અનુરોધ કરતાં એમ પણ જણાવ્યું હતું કે, બાળકોના અભ્યાસ માટેનું ટેબલ પણ ઘરમાં સારામાં સારા વાતાવરણમાં હોવું જોઈએ, જેથી કરીને બાળકોને અભ્યાસ પ્રત્યે રૂચિ જાગે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલના કાઉન્સિલર અને પેરેન્ટસ-ટિચર્સ એસોસિએશનના સચિવ શ્રીમતી મમતા રાવલે જણાવ્યું હતું કે, 'બાળકો અને વાલીઓ વચ્ચેની સંવાદિતા વધુ મજબુત બને તે જરૂરી છે. વાલીઓ બાળકોમાં વધુ રસ લેતા થાય તો બાળકોમાં અભ્યાસ પ્રત્યે રૂચિ જાગે, સ્કૂલમાં શિક્ષણકાર્ય સારી રીતે થઈ શકે અને સરવાળે બાળકો અને વાલીઓને સારૂ પરિણામ મળે જે આ સેમિનાર શ્રૃંખલાનો મુખ્ય હેતુ છે. આવા આયોજનથી સારાં પરિણામો મળી રહ્યાં છે,' એમ પણ તેમણે જણાવ્યું હતું.

આરંભમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ સેમિનારમાં ઉપસ્થિત રહીને બાળકોના સર્વાંગી વિકાસમાં ઉત્સાહપૂર્વક સામેલ થવા બદલ સહુ વાલીઓનો આભાર માન્યો હતો. ગાંધીનગર જુનિયર ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન નિર્મલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કે.કે. પટેલ વિદ્યાલયમાં મેલેરિયા અને વાહકજન્ય રોગો અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી કે.કે. પટેલ વિદ્યાલયમાં તાજેતરમાં મેલેરિયા અને વાહકજન્ય રોગો અંગે સેમિનાર યોજાઈ ગયો. રૂપાલ પ્રાથમિક આરોગ્યે કેન્દ્ર અને આદરજ મોટી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી યોજાયેલ સેમિનારમાં મચ્છરોનો નાશ, મચ્છરદાનીનો ઉપયોગ અને સ્વચ્છતા બાબતે અસરકારક પ્રવચન યોજાયું હતું.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબેન એ. વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ રૂપાલ પ્રાથમિક આરોગ્યે કેન્દ્ર તથા આદરજ મોટી પ્રા. આરોગ્ય કેન્દ્ર દ્વારા મલેરીયા તથા વાહકજન્ય રોગોનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. શાળા કક્ષાએ મેલેરીયા રોગની અસરો અને ઉપાયો અંગે વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુંહતું. શાળાના ૧૪ વિદ્યાર્થીઓએ વાહકજન્ય રોગો અંગે સુંદર છણાવટપૂર્વક માહિતી આપી હતી. પ્રથમ નંબરે યશ પટેલ, બીજા નંબરે દામીની નાયક અને ત્રીજા નંબરે ઈન્દ્રજીત વાઘેલા રહેવા પામ્યા હતા. વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. હેલ્થ સેન્ટરના સુપરવાઈઝર ઘનશ્યામભાઈએ વાહકજન્ય રોગોની વિગતવાર સમજુતી આપી હતી અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. શાળાના આચાર્યાએ કોલવડા ગામ તથા જિલ્લા અને રાજ્યમાંથી મેલેરીયા સર્દતર નાબુદ થાય તે અંગે મચ્છરોનો નાશ, મચ્છરદાનીનો ઉપયોગ તથા સ્વચ્છતા અંગે અસરકારક પ્રવચન આપ્યું હતું. સમગ્ર કામનું સંચાલન શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલે કર્યું હતું. તથા અંતે આભારવિધિ શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે કર્યું હતું.

ગાંધીનગરમાં ઉચ્ચ શિક્ષણના એડમીશનનો માહોલ

ગાંધીનગર, તા.૪

છેલ્લા દસ દિવસથી ગાંધીનગર અને ગાંધીનગરની આસપાસની એન્જીનીયરીંગ કોલેજોમાં એડમીશન માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરની સે-૧૫ની એલ.ડી.આર.પી., વી.પી.એમ.પી., ગાંધીનગર એન્જીનીયરીંગ કોલેજ, પોલીટેકનીક, સાબર કોલેજ અને ચાંદખેડાની વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં પ્રવેશ ઓનલાઈન હોવા છતાં વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસ અને હોસ્ટેલની વ્યવસ્થા માટે મોટી સંખ્યામાં ઉમટયા હતાં. બે દિવસ પૂર્વે અર્થાત્ સોમવારે એ.સી.પી.સી. દ્વારા એન્જીનીયરીંગમાં એડમીશન માટે ફાઈનલ લીસ્ટ જાહેર થતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હવે નવા સત્રની શરૂઆતની તૈયારીમાં લાગી ગયા છે. આજકાલ આર્કીટેકટ, ફાર્મસી, ફીઝીયોથેરાપી અને મેડીકલ માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન એડમીશનની ચોઈસ ફીલીંગ માટે સાયબર કાબે અને એલડીઆરપી અને ચૌધરી કોલેજની હેલ્પ લાઈન ડેસ્ક ઉપર ઉમટે છે. હજુ તેરમી સુધી એન્જીનીયરીંગ સિવાયની બધી ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓ અવઢવમાં રહેશે. તેરમી અને પંદરમીએ એડમીશનના ફાયનલ લીસ્ટ જાહેર કરાશે અને સત્તરમીથી કોલેજમાં નવું સત્ર શરુ થશે.

ગાંધીનગરનો ગર્હેકતો મોરલો એવા આપણા ભીખુદાને વિશ્વ વિખ્યાત કથાકાર પુ. મોરારી બાપુની દેશવિદેશમાં યોજાયેલી અનેક કથાઓમાં હજારો - લાખો ભાવિકો સમક્ષ લોકસંગીત પીરસીને દાદ મેળવી

ગાંધીનગર અને ગુજરાતનો ગહેકતો મોરલો : ભીખુદાન ગઢવી

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

તાલુકો ભીલોડા, જિ. સાબરકાંઠાનું નાનકડું ગામ નવા ભવનાથ, ગોધુલિ સમય... ઘરે ગાય-ભેંશોને દોહીને મા રોટલા ઘડવા બેસે અને દીકરો જમવા બેસે, ગરમ રોટલો ચડે ને મા પીરસે, ત્યાં સુધી થાળી ઊંધી કરી નાનકડો દીકરો તાલ આપીને ગાતો જાય! દૂધ લેવા ગામની નિશાળની શિક્ષિકાઓ આવે અને છોકરાને ગાતા- વગાડતા સાંભળીને અચંબામાં પડી જાય છે કે ચોથા ધોરણમાં ભણતો છોકરો આવું સુંદર ગાય છે! બીજા દિવસે પ્રાર્થના અને ભજન ગાવા માટે શાળામાંથી તેડું આવ્યું ને આ આઠ વર્ષના બાળકે ભાવપૂર્ણ આગવી છટાથી પ્રાર્થના ગાઈને સંગીત સફર શરૂ કરી.

આ બાળકને ઈડર- કુવાવા ગામના ચારણ કવિરાજ પૂ. સાંયાજી જુલાની ભોમકા જેની મા ભોમ છે એટલું જ નહીં, સંતશ્રી સાંયાજી ઝુલાના જ ૧૧મી પેઢીએ વંશ એટલું અને હવે ગાંધીનગરના વતની બનેલા જાણીતા કલાકાર ભીખુદાન દલપતસિંહ ગઢવી.

કહેવાય છે કે ચારણોના કંઠમાં સ્વયં ભગવતી જ બિરાજમાન હોય છે અને તેથી જ તેઓ દેવીપુત્રો કહેવાય છે. ગુજરાત અને તેમાંય સૌરાષ્ટ્રની આગવી લોકસંસ્કૃતિને ધબકતી રાખવામાં ચારણોનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે. ચારણ કૂળમાં તા. ૧-૬-૬ ઉના દિને જન્મેલા ભીખુદાનનો શાળાભ્યાસ ભીલોડા ખાતે. પ્રાથમિક શાળાથી શરૂ થયેલી સંગીત સફર હાઈસ્કૂલ સુધીમાં તો ખૂબ પાંગરી. ભીલોડા પંથક, સાબરકાંઠા જિલ્લામાં વાત પ્રસરી ગઈ કે ગઢવીનો દીકરો ખૂબ સારૂં ગાય છે. આજુ બાજુનાં ગામોમાંથી શિક્ષકો સાઈકલ પર બેસીને ભીખુદાનને લેવા માટે અને તે વખતની ગામડાની શાહી સવારી એવી સાઈકલ પર બેસીને શાળાઓ, કૉલેજો, જાહેર જગ્યાઓમાં યોજાતા કાર્યક્રમો વિ.માં પોતાના કેળવાયેલા કંઠે ઉત્તર ગુજરાતની ગરવી હલકને ભીખુદાને પાંખો આવી.

યુવક મહોત્સવમાં લોકગીત, ભજન, હળવું કંઠ્ય સંગીત અને સમુહગીતોમાં ભાગ લઈ અનેક વખત વિજેતા બન્યા હતા. યુવક મહોત્સવમાં મળતો ''ફરતો શિલ્ડ'' સતત ત્રણ વર્ષ જે શાળાને મળે, તે પછીથી કાયમી તે શાળાને મળી જતો એ નિયમાનુસાર ભીખુદાને પોતાના હલકભર્યા કંઠથી અનેક શિલ્ડ શાળાને અપાવીને ગૌરવ અપાવ્યું હતું.

માત્ર પંદર વર્ષની ઉંમરે જુનાગઢમાં યોજાયેલ ડાયરામાં પ્રખ્યાત ભજનીક પ્રાણલાલ વ્યાસ સાથે ભીખુદાને પોતાનો કંઠ આપીને ડાયરામાં ભાગ લેવાનું શરૂ કર્યું. ૧૯૮૦થી ગાંધીનગર સાયન્સ કૉલેજમાં એડમીશન લીધું અને ગાંધીનગર સ્થિત બેનને ઘરે રહીને ભીખુદાન કૉલેજ અભ્યાસ શરૂ કર્યો. સાયન્સ કૉલેજમાં યોજાતી દર વર્ષે ટેલેન્ટમાં ભીખુદાનનો અષાઢી અવાજ ગૂંજી ઉઠતો. કૉલેજ અભ્યાસ સાથે ૧૯૮૨માં આકાશવાણી અમદાવાદમાં બી તથા બી હાઈ કલાકાર તરીકે માન્યતા મેળવી અને કસુંબલ કંઠથી ભીખુદાનભાઈ આકાશવાણી પરથી પ્રસારિત થતા અનેક કાર્યક્રમોમાં ભાગ લઈને સમગ્ર ગુજરાતમાં છવાઈ ગયા.

કૉલેજ અભ્યાસ બાદ ઈડર - ભીલોડા - ગાંધીનગર વચ્ચે રહીને અનેક કાર્યક્રમો કર્યા. અને ૧૯૮૮ - ૮૯થી ભીખુદાન ગાંધીનગર વાસી બન્યા. મેડીકલમાં પ્રવેશ મેળવેલો છતાં ડૉકટરની ધીકતી કમાણી મુકીને કલાસાધક બનેલા ભીખુદાનની સંગીત સફર હવે ઉડાન ભરવા લાગી.

ગાંધીનગરમાં એ વખતે થતી સેકટરોની નવરાત્રીમાં ભીખુદાનનો કામણગારો કંઠ ખીલી ઉઠતો. સે-૧૭, ૨૧, ૨૮ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના આજુબાજુના ગામડાઓમાં ભીખુદાનભાઈ રાસ-ગરબા ગવડાવતા. ગાંધીનગરનું તે સમયે રસીકભાઈ સોની એન્ડ ગ્રુપ, પુષ્પાબેન દુધરેજીયાના ગ્રુપ, ગોવિંદભાઈ ગઢવી વિ. ના ગ્રુપમાં ભીખુદાન કંઠના કામણ પાથરતાં. ગાંધીનગરની સ્થાપનાથી સેક્ટર-૨૨માં ઉજવાતા ગણેશ મહોત્સવમાં ભીખુદાન દર વર્ષે કાર્યક્રમો રજૂ કરતા ને પ્રશંસા મેળવતા. ઉપરાંત ગાંધીનગરમાં લગ્નપ્રસંગોથી શરૂ કરીને શ્રદ્ધાંજલિ સુધીના અનેક કાર્યક્રમોમાં ભીખુદાનભાઈએ લોકગીતો, ભજનોની સરવાણી વહાવી છે.

ઈડર (છોટી મારવાડ)ના જાગીરદાર પિતાશ્રી દલપતસિંહ અને માતુશ્રી કરણીબાના સંતાન ભીખુદાને પિતાની નામરજી છતાં કુદરતી રીતે જ સંગીત પ્રત્યેના લગાવ તેમ જ માતાજીની કૃપાથી, પોતાના કંઠની મિઠાશ અને હલકથી આજ મોટા ગજાના કલાકારોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભીખુદાનભાઈએ ટી.વી. ચેનલો - દૂરદર્શન પર દર અઠવાડિયે પ્રસારિત થતાં ડાયરાઓમાં, 'વનીતાની વંદના' શિર્ષક હેઠળ રજુ થતાં કાર્યક્રમો, ઈટીવીમાં 'ફોક મસ્તી' અને ઝી ગુજરાતી ચેનલ પર પણ અનેક કાર્યક્રમોનો રસથાળ પીરસીને લોકોને મોજ કરાવી છે.

ભીખુદાનની અનેક ઓડીયો અને વીડીયો કેસેટ ખૂબ જાણીતા સ્ટુડીઓ - સુર મંદિર, કિંજલ, સિદ્ધાર્થ, એકતા, મિત્રા, રાજ અને દેવરાજ સ્ટુડીઓએ બનાવી છે. જેમાં 'અંબે માની અમર ચુંદડી', ભોળા રે ચેહર મા, હરિ તું ગાડુ મારૂં કયાં લઈ જાય વિ. છે.' 'અંબે માની અમર ચુંદડી' દ્વારા આજે પણ નવરાત્રીમાં દરેક ચોકમાં ભીખુદાનભાઈનો સુરીલો કંઠ સાંભળવા મળે છે. એવી જ રીતે લોકગીતોને રિમિક્સ સ્વરૂપે તૈયાર કરેલી 'મસ્ત મસ્ત મોહિની' ની જબરી ડિમાન્ડ રહી છે. જેનો પાર્શ્વ ગાયક દિલેર મહેંદીએ પણ ખુલ્લા મોંએ વખાણ કર્યા હતા. ખૂબ જાણીતા પાર્શ્વ ગાયિકાઓ સાધના સરગમ અને કવિતા કૃષ્ણમૂર્તિ સાથે થયેલી ભીખુદાનભાઈની કેસેટ અને સીડીની વિદેશમાં પણ જોરદાર માંગ રહી છે.

ગાંધીનગરનો ગહેંકતો મોરલો એવા આપણા ભીખુદાને વિશ્વ વિખ્યાત કથાકાર પુ. મોરારી બાપુની દેશવિદેશમાં યોજાયેલી અનેક કથાઓમાં હજારો - લાખો ભાવિકો સમક્ષ લોકસંગીત પીરસીને દાદ મેળવી. પીઢ કલાકાર, અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી લિખીત ગીત અહોગળો... એ પૂ. મોરારી બાપુનું પણ પ્રિય અને ભીખઉદાન પાસે બાપુ એ ગવડાવે જ! ગાંધીનગર ખાતે યોજાયેલ રામકથામાં પૂ. મોરારી બાપુએ ભીખુદાન પાસે અહાંગળા 'થી જ શરૂઆત કરાવી હતી. સંત શ્રી પૂ. રમેશભાઈ ઓઝા, પૂ. ગીરીબાપુ વિ. સાથે પણ ભીખુદાનભાઈએ કાર્યક્રમો કર્યા છે.

ગાંધીનગર અને ગુજરાતમાં અનેક ડાયરાઓ અને કાર્યક્રમો કરી ચુકેલા ભીખુદાનભાઈ આ બધા ઉપરાંત મુંબઈ, કલકત્તા, દિલ્હી, ચેન્નાઈ, નાસિક (મહારાષ્ટ્ર), છત્તીસગઢ, રાજસ્થાન વિ. જગ્યાના કાર્યક્રમોમાં લોકગીતો, ભજનો, દુહા-છંદ, ચારણી સાહિત્ય, પ્રભાતિયાં, હાલરડાં, રાસ-ગરબા, ફટાણા, લગ્ન ગીતો, મરશિયા, છપાખરા, ખાયણા વિ. રજૂ કરીને એક વર્સેટાઈલ ગાયક તરીકે સફળતા મેળવીને સિદ્ધ થઈ ચૂક્યા છે. પંખી જેવી વૃત્તિના કારણે એક ડાળીથી બીજી ડાળીએ ઉડવાવાળા આ કલાકાર પાસે પોતાનું પોતાપણું પણ છે જ.

સંગીત રસિયાઓનાં માનીતા ગાયક ભીખુદાનભાઈ એ લોકડાયરાના માંધાતા કલાકારો પ્રાણલાલ વ્યાસ, દિવાળીબેન ભીલ, હેમંત ચૌહાણ, મનહર ઉધાસ, અનુરાધા પોડવાલ, પ્રફુલ્લ દવે, લાખાભાઈ ગઢવી, અભેસિંહ રાઠોડ, દમયંતી બરડાઈ, વત્સલા પાટીલ વિ. સાથે અનેક ડાયરાઓ ગજવ્યા છે.

ગુજરાતી ચલચિત્રોમાં પાર્શ્વ ગાયક તરીકે પણ ભીખુદાને ખૂબ ખ્યાતિ મેળવી છે. જેમાં 'ભાદરનો ભીમો,', 'પાનેતર ઓઢ્યું તારા નામનું' વિ. મુખ્ય છે અને પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી દિગ્દર્શિત ફિલ્મ 'માનવીની ભવાઈ' (સમગ્ર ફિલ્મને નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો)માં શ્રેષ્ઠ પ્લેબેક સિંગરનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો હતો જે ખરેખર અભિનંદનીય છે.

ભારતભરમાં થયેલો અઢળક કાર્યક્રમો પછી પરદેશમાં પણ ભીખુદાનને કાર્યક્રમો કરીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. યુ.કે., યુ.એસ.એ., હોંગકોંગ, થાઈલેન્ડ, યુ.એ.ઈ. અને કેનેડા જેવા દેશોમાં કાર્યક્રમો આપીને પ્રેમ અને સન્માન મેળવ્યા છે. કેનેડાના એક મિત્ર જણાવે છે કે, કેનેડામાં નાયગ્રા ફોલ્સ પર પડતા ધોધની સાથે ભીખુદાનના ચારણી દુહા-છંદો અને ગીતોની રજૂઆત કેનેડાના મિત્રો માટે યાદગાર ક્ષણ બની ગઈ હતી!

(અનુસંધાન પાના નં. ૬ પર)